Krushisharang Agriclinic Pvt.Ltd.

# મગફળીની ખેતી પધ્ધતિ

## જમીન

મગફળીના પાકને મધ્યમકાળી અને ગોરાડું જમીન વધુ માફક આવે છે. આ ઉપરાંત સારી ફળદ્રુપતા ધરાવતી રેતાળ, ગોરાડું જમીનમાં પણ મગફળીનો પાક સારી રીતે લઈ શકાય છે.

## જમીનની પ્રાથમિક તૈયારી

મગફળીના ડોડવા જમીનમાં થતા હોવાથી તેના જરૂરી વિકાસ માટે જમીનની ફળદ્રુપતા, જમીનની ભેજ સંગ્રહશક્તિ અને જમીનની છિદ્રતા જાળવવી ખાસ જરૂરી છે. તે માટે જમીનને ઉંડી ખેડ કરી અગાઉના પાકના જડીયા, મૂળીયા વગેરે વીણી લેવા. ત્યાર બાદ સારૂ કોહવાયેલું છાણીયુ ખાતર હેક્ટર દીઠ આઠ થી દસ ટન આપી બે થી ત્રણ વખત કરબની ખેડ કરવી અને સમાર મારી જમીન પોચી ભરભરી અને સમતલ બનાવવી.

## વાવેતર સમય

ચોમાસુ મગફળીનું વાવેતર વાવણી લાયક વરસાદ થયે કરવું, જો પિયત આપવાની સગવડ હોય તો પ્રથમ અઠવાડીયામાં આગોતરુ વાવેતર કરવું હિતાવહ છે.

## ભલામણ કરેલ જાતો

જીજી-20, જીજેજી-22, જીજેજી-32, ટીબીજી-39, ગિરનાર-4, ગિરનાર-5, જીજી-23, જીજી-33, જીજી-34, જીજી-35, જીજી-37, જીજી-38, જીજી-39, જીજી-40, જીજી-23, જીજી-41

## બીજદર અને વાવેતર અંતર

| બીજદર (કિલો/હેક્ટર) | વાવેતર અંતર (સે.મી.) |
|---|---|
| 125-150 | બે હરોળ વચ્ચે : 60 સે.મી.<br>બે છોડ વચ્ચે : 15 સે.મી. |

**ખાસ નોંધ : બીજદર એ વાવેતર અંતર, છોડની વૃધ્ધિ, જમીન અને દાણાના કદ ઉપર આધાર રાખે છે જેથી તેમાં ફેરફાર થઈ શકે છે.**

## બીજ-માવજત

જમીન અને બીજ જન્ય રોગો જેવા કે બીજનો સડો તથા ઉગસુકનો રોગ તેમજ સફેદ ઘેણના ઉપદ્રવ સામે રક્ષણ મેળવવા માટે બીજની માવજત ખુબ જ અગત્યની છે. આ માટે ઈમીડાકલોપ્રીડ 7.8 SL 5 મિ.લિ. અથવા અરણીના પાનનો રસ 5 મિ.લિ. + લીંબોડીનું તેલ 20 મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ 20 EC 5 થી 10 મિ.લિ. દવાનો 1 કિલો બીજ દીઠ પટ આપી 6 કલાક છાંયડામાં સુકવવી. ત્યાર બાદ ટેબ્યુકોનાઝોલ અથવા થાયરમ દવા ગ્રામ/કિલો બીજ પ્રમાણે પટ આપી વાવણી કરવી, આ ઉપરાંત રાસાયણિક ખાતર પાછળનો ખર્ચ ઓછો કરવા સારૂ રાઈઝોબીયમ અને ફોસ્ફેટ કલ્ચરનો પટ આપી વાવેતર કરવું.

## આંતરખેડ અને નીંદામણ

મગફળીના પાકને વાવણી પછી 45 દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો ખુબ જ જરૂરી છે. આ માટે 2 થી 3 આંતરખેડ કરવી અને હાથથી નિંદામણ કરી 60 દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવી.

## પિયત

ચોમાસા દરમ્યાન વરસાદ પૂરતો અને સપ્રમાણ વહેચણી થયેલ હોય તો મગફળીના પાકને વધારાના પિયત આપવાની જરૂર રહેતી નથી. પરંતુ ફૂલ અવસ્થા, સૂયા ઉતરવા અને ડોડવામાં દાણાની વિકાસ અવસ્થાએ વરસાદ ના હોય અને જમીનમાં ભેજની ખેંચ જણાય તો વધારાનું પિયત આપવાથી સારું ઉત્પાદન મેળવી શકાય.

## પાક સંરક્ષણ

### (A) રોગ નિયત્રંણ

#### I) ટિક્કા:

પાન પર પીળી કીનારી વાળા અનિયમીત આકારના બદામી ટપકાં જોવા મળે છે, જે પાછલી અવસ્થાએ પાન પર ગોળ, ભુખરાં કે કથ્થાઈ રંગના ટપકાં જોવા મળે છે. રોગ ની માત્રા વધતાં આવા ટપકાં થડ કે સૂયા પર જોવા મળે છે, છેવટે પાન સુકાઈને ખરી પડે છે.

#### નિયત્રંણ:

**આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા ફૂગનાશકો**

1. મૅન્કોઝેબ 63% + કાર્બેન્ડાઝિમ 12% WP – 30 ગ્રામ/પંપ
2. એઝોક્સિસ્ટ્રોબિન 11% + ટેબૂકોનાઝોલ 18.3% SC – 15 મિ.લિ./પંપ
3. પ્રોપિકોનાઝોલ 34.8% + પ્રોક્લોરાઝ 7.8% EC – 30 મિ.લિ./પંપ

#### II) ગેરુ:

પાનની નીચેની સપાટી ઉપર ટાંકણીના માથા જેવડા નાના ગેરૂ રંગના ટપકાં જોવા મળે છે. પાનની ઉપરની સપાટી પીળી પડવા લાગે છે. સમય જતાં આ ટપકાં એકબીજા સાથે ભળી જાય છે. છેવટે પાન સૂકાઈને ખરી પડે છે.

#### નિયત્રંણ:

**આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા ફૂગનાશકો**

1. પાયરાક્લોસ્ટ્રોબિન 13.3% + ઇપોક્સીકોનાઝોલ 5% SE – 30 મિલી/પંપ
2. ફ્લક્સાપાયોક્સેડ 167 g/L + પાયરાક્લોસ્ટ્રોબિન 333 g/L SC – 12 મિલી/પંપ

#### III) ઉગસુક અને થડનો કોહવારો:

ઉગસુક રોગને કારણે બીજનું સ્કરણ થાય તે પહેલાં સડી જાય છે. આખો છોડ સૂકાઈ જાય છે. બીજને બહાર કાઢી જોવામાં આવે તો કાળી ફુગના બીજાણુઓ તેના પર છવાયેલા જોવા મળે છે. ઉભા પાકમાં પણ ફુગ થડમાં કોહવારો કરી છોડ સૂકવી નાખે છે. થડના

કોહવારો રોગની શરૂઆતમાં જમીનને અડીને થડ ઉપર સફેદ કે ભુખરા રંગના ધાબા જોવા મળે છે. સમય જતાં આ ધાબા પર સફેદ રંગની ફુગની વૃદ્ધિ જોવા મળે છે. જેના લીધે થડ તથા ડોડવા નબળા પડે અને છોડ સૂકાઇ જાય છે.

### નિયત્રંણ:

- મગફળી ઉપાડ્યા પછી તાત્કાલિક ધૂપમાં સારી રીતે સૂકવવી અને ભેજ રહિત જગ્યાએ સંગ્રહ કરવી.
- તંદુરસ્ત અને હાનિ વગરના બીજનો ઉપયોગ કરવો.
- વાવેતર પહેલાં બીજને ઉપર જણાવ્યા મુજબ પ્રમાણે પટ આપવો.
- ટ્રાયકોડર્મા ફૂગ 2.5 કિલો 500 કિલો દિવેલી ખોળમાં મિશ્ર કરી પાક વાવતા પહેલાં ભેજ હોય ત્યારે આપવી.

## (A) જીવાત નિયત્રંણ

### (I) મોલો, તડતડીયા અને થ્રિપ્સ:

જીવાત પાનની નીચે રહી રસ ચૂસે છે જેથી છોડ ફીકો પડે છે અને ઉત્પાદન ઘટે છે.

### નિયત્રંણ:

**આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા જંતુનાશકો**

1. ફ્લોનિકામિડ 50% WG - 7 ગ્રામ/પંપ
2. એસીટામિપ્રાઈડ 20% SP - 6 ગ્રામ/પંપ
3. પ્રોફેનોફોસ 40% + સાયપરમેથ્રિન 4% EC - 40 મિલી/પંપ
4. ફિપ્રોનીલ 5% SC - 40 મિલી/પંપ

### (II) સફેદઘેણ:

ઈયળ મૂળને ખાઈ જતી હોવાથી છોડ ધીમે ધીમે સુકાઈને ચીમળાઇ જાય છે. ઈયળ ચાસમાં આગળ વધીને એક છોડને નુકસાન કર્યા બાદ બીજા છોડના મૂળ ખાવાનું શરૂ કરે છે.

### નિયત્રંણ:

- ઉનાળામાં ઉંડી ખેડ કરવી.
- જે ખેતરમાં ઉધઈનો ઉપદ્રવ રહેતો હોય તેવા ખેતરમાં કલોરપાયરીફોસ 1.5 % ભુકી દવા હેકટરે 30-40 કિલો પ્રમાણે વાવેતર પહેલાં જમીનમાં આપવી અને પિયત અને આંતર ખેડની માત્રા વધુ રાખવી.
- ઉભા પાકમાં કવીનાલફોસ 25 EC અથવા કલોરપાયરીફોસ 20 EC દવા હેકટરે 4 લીટર પ્રમાણે પિયત સાથે આપવી.

### (III) પાનકોરીયુ:

પાન કોરીને તેનો લીલો ભાગ ખાઈ જાય છે. ઉપદ્રવ વધુ હોય તો પાક સફેદ થઈ જાય છે જે સૂકાઈ જતાં દાઝી જવાથી બદામી રંગનો બની જાય છે. આ ઈયળ ડોડવામાં કાણું પાડી શરીરનો અડધો ભાગ પોપટા માં દાખલ કરી ખોરાક લેતી હોય છે.

### નિયત્રંણ:

**આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા જંતુનાશકો**

1. પ્રોફેનોફોસ 40% + સાયપરમેથ્રિન 4% EC - 40 મિલી/પંપ
2. એમામેક્ટિન બેન્ઝોએટ 5% SG - 10 ગ્રામ/પંપ
3. થાયોમેથોક્ઝામ 12.6% + લેમ્બડા 9% ZC - 10 મિલી/પંપ
4. ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ 9.3% + લેમ્બડા 4.6% ZC – 8-10 મિલી/પંપ
5. ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ 18.5% SC - 6 મિલી/પંપ

## કાપણી, થ્રેસીંગ અને સંગ્રહ

મગફળીના છોડ ઉપરના ડોડવા ફોલતા છોતરાના અંદરના ભાગમાં કાળી નકશી તૈયાર થયેલ હોય અને દાણાનો રંગ લાલ થયેલ હોય ત્યારે જ મગફળી કાઢવાની શરુઆત કરવી. સામાન્ય રીતે મગફળી આશરે 120 દિવસે કાપણી માટે તૈયાર થઈ જાય છે. કાપણી સમયે જો જમીનમાં પૂરતો ભેજ હોય તો ઉભડી પ્રકારની મગફળી હાથથી ખેંચી લેવી. જયારે અર્ધવેલડી મગફળીને પહેલાં બળદથી કરબ (રાંપ) અથવા તો ટ્રેકટરથી ચાંપ મારી અથવા બલુનથી કાઢી છોડ ભેગા કરી લઈ નાના ઢગલા(પાથરા) ખેતરમાં કરી 6 થી 7 દિવસ સુધી સુર્યપ્રકાશમાં સુકવવા. મગફળીના પાથરા સુકાઇ ગયા પછી જ ભેગા કરી થ્રેસરમાં નાખવા જેથી ડોડવા તેમજ બીજને નુકશાન ન થાય. થ્રેસરથી ડોડવા છુટા પાડી છાંયડામાં સુકવી ભેજનું પ્રમાણ 8% થી ઓછું હોય તે મુજબ સંગ્રહ કરવો અથવા વેચાણ માટે લઇ જવી.

SCAN ME NOW

Produced & Marketed By :
Krushisharang®
Agriclinic
Shop No. 7-10, First Floor, Moti Palace Plus, Timbavadi, Junagadh-362015(Gujarat)
Helpline No. : 91065 70738